અપીલ અરજી નં.૨૯૦ તા.૬–૧–૦૯

અરજદારઃ શ્રી ભાનુબેન ભાણાભાઈ
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભાનુબેન ભાણાભાઈની તા.૨૫–૧૧–૦૮ની અરજીથી ઝાકીરભાઈ જરીવાલા તથા અન્ય ખાતાઓ ફટાકડાવાળી વેડ રોડ સુરત વિરુધ્ધની તેમની તા.૧૮–૬–૦૪ ના રોજ આપેલ ફરીયાદ અનુસંધાને સંસ્થાની વિઝીટ કરી હોય જે સંસ્થાનું નામ સરનામું તથા માલિકના નામ સરનામાં તથા લાયસન્સ નંબર તથા સ્થળ નિરીક્ષણની નોંધ તથા સંસ્થામાં ભાનુબેન ભાણાભાઈનું કયા ખાતામાં નામ ચાલે છે તેની વિગત, સંસ્થાના હાજરી પત્રક, પગાર પત્રક, ઓળખપત્ર રજીસ્ટર ચેક કરી તેની વિગતો તેના વિરુધ્ધ કઈ કઈ કલમો હેઠળ કેસ કરેલા છે તે કેસ નંબર સાથેની વિગત અને કરેલા કેસમાં સામાવાળા કોને દંડ ભર્યો અને કઈ તારીખે ભર્યો તેની વિગતની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૬–૧–'૦૯ ની અપીલ અરજી નં.૨૯૦/૨૦૦૮–૦૯

શ્રી ભાનુબેન ભાણાભાઈની તા.૨૫–૧૧–૦૮ની અરજીથી ઝાકીરભાઈ જરીવાલા તથા અન્ય ખાતાઓ ફટાકડાવાળી વેડ રોડ સુરત વિરુધધની તેમની તા.૧૮–૬–૦૪ ના રોજ આપેલ ફરીયાદ અનુસંધાને સંસ્થાની વિઝીટ કરી હોય જે સંસ્થાનું નામ સરનામું તથા માલિકના નામ સરનામાં તથા લાયસન્સ નંબર તથા સ્થળ નિરીક્ષણની નોંધ તથા સસ્થામાં ભાનુબેન ભાણાભાઈનું કયા ખાતામાં નામ ચાલે છે તેની વિગત, સંસ્થાના હાજરી પત્રક, પગાર પત્રક, ઓળખપત્ર રજીસ્ટર ચેક કરી તેની વિગતો તેના વિરુધ્ધ કઈ કઈ કલમો હેઠળ કેસ કરેલા છે તે કેસ નંબર સાથેની વિગત અને કરેલા કેસમાં સામાવાળા કોને દંડ ભર્યો અને કઈ તારીખે ભર્યો તેની વિગતની માહિતી આપવા બાબતે માહિતી ખોટી છે અને તા.૨૦–૧૧–૦૮ થી આપેલ માહિતી સબંધી જરૂરી દસ્તાવેજો પણ આપેલ નથી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૫૭ તા.૯–૧–૦૯ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને નોર્થઝોન/આ.નં.૭૩૫૧ તા.૨૧–૧–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારે તા.૨૫–૧૧–૦૮ ની અરજીથી સંસ્થાની વિઝીટ કરી હોય જે સંસ્થાનું નામ સરનામું તથા માલિકના નામ સરનામાં તથા લાયસન્સ નંબર તથા સ્થળ નિરીક્ષણની નોંધ તથા સસ્થામાં ભાનુબેન ભાણાભાઈનું કયા ખાતામાં નામ ચાલે છે તેની વિગત, સંસ્થાના હાજરી પત્રક, પગાર પત્રક, ઓળખપત્ર રજીસ્ટર ચેક કરી તેની વિગતો તેના વિરુધ્ધ કઈ કઈ કલમો હેઠળ કેસ કરેલા છે તે કેસ નંબર સાથેની વિગત અને કરેલા કેસમાં સામાવાળા કોને દંડ ભર્યો અને કઈ તારીખે ભર્યો તેની વિગતની માંગણી કરેલ છે.

સદર સંસ્થા કયારે પણ ગુમાસ્તા કાયદાનો અમલ કરેલ નથી અને જાહેર દેખાય તે પ્રમાણે સંસ્થાના માલિકના નામ સરનામાં સાથે સંસ્થાના દર્શાવતા સાઈન બોર્ડ લગાવતાં ન હતાં તથા સંસ્થામાં કામ કરતાં કામદારોના મજુર કાયદા અવયે મળવાપાત્ર હાજરી કાર્ડ, ઓળખકાર્ડ કે પગાર સ્લીપ પણ આપતાં ન હતાં તેવી રજુઆત કરેલ છે અને અપીલ અરજીમાં મુળ અરજીથી અલાયદી સંસ્થાના નામ સરનામાં જે ૧૯૯૬ માં લાયસન્સ રદ કરેલ છે અને ૨૦૦૪ માં તે સંસ્થા ધ્વારા તે જ એડ્રેસ પર લાયસન્સ મેળવ્યાનું જણાય આવે છે અને ખરી હકીકતમાં ૧૯૯૬ થી ૨૦૦૮ દરમ્યાન સદર સંસ્થા તે સરનામે ચાલુ હતી અને તેનો પુરાવા ગુમાસ્તાધારા કચેરીમાં હોવા છતાં અમોને આપેલ નથી અને છુપાવેલ છે. અને શ્રી ઝાકીરભાઈને અગમ્ય કારણસર મદદ કરવા અમોએ જે માહિતી માંગેલ છે તે જાણી જોઈને આપેલ નથી. અને જે માહિતી આપી છે તે ખોટી છે અને આપેલ માહિતી સબંધી જરૂરી દસ્તાવેજો પણ આપેલ નથી. તેવી રજુઆત અપીલના તબકકે કરેલ છે.

ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને એન.ઝેડ/આ.નં.૬૬૫૮ તા.૧૮–૧૨–૦૮ થી સંસ્થાનું નામ સરનામું માલિકનું નામ લાયસન્સ નંબર વિગેરેની માહિતી પૂરી પાડેલ છે જયારે અત્રે પૂરી પાડેલ પૂરક માહિતીમાં " દફતરી રેકર્ડ જોતાં સામાવાળા વિરુધ્ધ કોઈ કેસો ન થયેલ હોવાનું માલુમ પડેલ છે." તેવી દફતરી હકીકતલક્ષી માહિતી અત્રે પુરી પાડેલ છે. જયારે સ્થળ નિરીક્ષણની નોંધ અને દંડ અંગેની વિગતો પુરી પડાયેલ જણાતી નથી. માહિતી નહીં પુરી પાડવા આરટીઆઈ કાયદાની કલમ–૮,૯ કે ૧૧ ના કોઈ અપવાદ હેઠળ ઈન્કાર કરેલ નથી પરંતુ રેકર્ડ વિભાગમાં દફતર જમા થઈ ગયેલ હોવાનું માત્ર જણાવેલ છે જે પર્યાપ્ત નથી. આ કાયદા હેઠળ જાહેર માહિતી અધિકારી પાસેના અને નિયંત્રણ હેઠળના ઉપલબ્ધ દફતર પૈકી નિર્દિષ્ટ અપવાદને આધિન માહિતી પુરી પાડવી આદેશાત્મક છે.

### હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૧૧–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ઉપરોકત નહીં પૂરી પડાયેલ માહિતી લાગત દફતરના નિરીક્ષણ સહિત આરટીઆઈ એકટના કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનને જણાવવામાં આવે છે. અરજદારની કાર્યવાહીને લગતી માહિતી અંગે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા તેમજ મુળ અરજીથી અપીલ અરજીમાં કરેલ સંસ્થા કયારે ચાલુ બંધ થઈ? વીમાપત્ર વિગેરેની અલાયદી રજુઆત અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોન ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભાનુબેન ભાણાભાઈ,